# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૯ તા.૦૩-૦૨-૨૦૨૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : રોડ સેફ્ટી મહિના ની ઉજવણી બાબત.

સંદર્ભ : RRU/DPDT/2024-25/113 તા. 16/01/2025

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભએ જણાવવાનું કે ભારત સરકારે જાન્યુઆરી ૨૦૨૫ ને રોડ સેફ્ટી મહિના તરીકે જાહેર કરેલ છે અને ચાલુ વર્ષ રોડ સેફ્ટી મહિનાની થીમ "પરવાહ" "care" થીમ છે જેમાં લોકો ને રોડ સેફ્ટી બાબતે જાગ્રત કરવા પર ભાર મુકેલ છે . આ બાબતે રાષ્ટ્રિય રક્ષા યુનિવર્સિટી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી અને અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સંયુક્ત ઉપક્રમે શાળાકક્ષાએ તા.૦૬-૦૨-૨૦૨૫ પહેલા પુરા કરી શહેર કક્ષાની નાટિકા સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધામાં તા.૦૬-૦૨-૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ટાગોરહૉલ પાલડી ખાતે નીચે ઝોન પ્રમાણે દર્શાવ્યા મુજબ શિક્ષક તથા વિદ્યાર્થીઓને હાજર રાખવા જણાવવામાં આવે છે. છે.

❖ નાટિકા સ્પર્ધા :

માર્ગ સુરક્ષા ના નિયમો ના ઉલ્લંઘન કરવાથી પરિવારે ગુમાવવા પડતા મોભી ના કારણે પરિવાર દારૂણ પરિસ્થિતિ માં મુકાય છે તેવી ૫ મિનિટની નાટિકા સ્પર્ધા. આ સ્પર્ધામાં સ્કૂલ બોર્ડની તમામ શાળાઓએ ભાગ લેવાનો રહેશે. જેમાં એક નાટિકા દીઠ આશરે ૫ બાળકો ભાગ લેશે. ઝોન દીઠ પ્રથમ વિજેતા ટીમને શહેરકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

- શહેર કક્ષાની સ્પર્ધામાં ૧૨ ઝોનની ૧૨ ટીમોને તા.૦૬-૦૨-૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ટાગોરહૉલ પાલડી ખાતે શહેરક્ષાની સ્પર્ધામાં ભાગ લેવડાવવાનો રહેશે. જેમાં પ્રથમ આવનારી ટીમને રૂ.૩૦૦૦, બીજા ક્રમે આવનારને રૂ.૨૦૦૦ અને ત્રીજા ક્રમે આવનારને રૂ.૧૦૦૦ ઇનામ આપવામાં આવશે.

❖ ચિત્ર સ્પર્ધા :

રોડ સેફ્ટી ને લગતી ચિત્ર સ્પર્ધા તા.૦૬-૦૨-૨૦૨૫ પહેલા શાળા કક્ષાએ સ્પર્ધા યોજવાની રહેશે. શહેર કક્ષામાં વિજેતા પ્રથમ ચિત્રને રૂ.૩૦૦૦, બીજા ક્રમે આવનાર ને રૂ.૨૦૦૦ અને ત્રીજા ક્રમે આવનારને રૂ.૧૦૦૦ ઇનામ આપવામાં આવશે.

- ઉત્તર પશ્ચિમ ઝોન, દક્ષિણ પશ્ચિમ ઝોન,પશ્ચિમ ઝોન-૧, પશ્ચિમ ઝોન-૨ તથા હિન્દી અને અંગ્રેજી ઝોનની આ ઝોનમાં આવતી શાળાઓના પ્રત્યેક શાળાદીઠ ૧ શિક્ષક તથા ૨ બાળકોને ચિત્રસ્પર્ધામાં તા.૦૬-૦૨-૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ટાગોરહૉલ પાલડી ખાતે સ્પર્ધામાં ભાગ લેવા હાજર રાખવા
- ઉક્ત ઝોન સિવાયના ઝોન એટલે કે ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન-૧, દક્ષિણ ઝોન-૨, પૂર્વ ઝોન, મધ્ય ઝોન, હિન્દી ઝોન, ઉર્દૂ ઝોન તથા અંગ્રેજી ઝોનની શાળાઓના પ્રત્યેક શાળાદીઠ ૧ શિક્ષક તથા ૧ બાળકોને ચિત્રસ્પર્ધામાં તા.૦૬-૦૨-૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ કલાકે ટાગોરહૉલ પાલડી ખાતે સ્પર્ધામાં ભાગ લેવા હાજર રાખવા.

તા.૦૩-૦૨-૨૦૨૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી